# નવું ગાંધીનગર માનીતું, જુનું ગાંધીનગર અળખામણું

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં તાજેતરમાં વાઈબ્રન્ટ સમિટ થનાર છે જેને અનુલક્ષીને સરકારી વિભાગના કર્મચારીઓ ખડે પગે દિવસ-રાત શહેરને નવું રૂપ આપવા મહેનત કરી રહ્યા છે. શહેરના જે વિસ્તારમાં મહેમાનો આવવાના છે તે વિસ્તારોની સજાવટ અને સુવિધા બાબતે ખાસ ધ્યાન અપાઈ રહ્યું છે ત્યારે જયાં મહેમાનોની આંખ પણ ફરકવાની નથી તેવા નગરના અડધા વિસ્તારોને શોભા-સુવિધા કે મરામતથી અળગ રાખવામાં આવ્યા છે. શહેરનો તેવો જ એક વિસ્તાર ચરેડી જયાં ચાર રસ્તાથી ઈદગાહ તરફના વિસ્તારમાં ત્રીસ વર્ષથી પણ જુની પાણીની પાઈપલાઈન જર્જરિત થઈ લીકેજ થઈ રહી છે. લીકેજના પાણીથી તે વિસ્તારમાં ગંદકી ભરેલા પાણીના ખાબોચિયા ભરાવવાની સ્થિતિ સર્જાઈ છે.

શહેરમાં તાજેતરમાં જ વાઈબ્રન્ટ સમિટ યોજાનાર છે જેની તૈયારી પાછલા ઘણા દિવસોથી ચાલી રહી છે અને શહેરના અમુક વિસ્તારોને તો કંઈક અલગ જ રંગરૂપ અપાઈ રહ્યા છે ત્યારે મહેમાનોની ઉપસ્થિતિ જયાં વર્તાનાર છે તે વિસ્તારની શોભા તો કંઈ ઓર જ છે પરંતુ જે વિસ્તારની મહેમાનો મુલાકાત લેવાના નથી તેવા અમુક વિસ્તારોને મરામતથી બિલકુલ અળગા રાખવામાં આવ્યા છે. શહેરના ચરેડી ચાર રસ્તાથી ઈદગાહ તરફના વિસ્તારમાં ત્રીસ વર્ષથી જુની પાણીની પાઈપલાઈન જર્જરિત થઈ છે અને લીકેજ થતા આ વિસ્તારમાં મરામતની માંગ થવા પામી છે. પ્રજાજનો દ્વારા આ પરિસ્થિતિને લીધે રોષ જોવા મળી રહ્યો છે.



# શહેરમાં સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગોમાં ઓટ

**જ્ઞાતિ સમાજોના વર્ગ શરૂ થતા કોમર્શિયલ વર્ગોમાં સંખ્યામાં ધરખમ ઘટાડો : સ્પર્ધાત્મક પરીક્ષાઓના પ્રશ્નપત્રો ફુટતાં પરીક્ષાર્થીઓનું મોરલ ઘટયું : પરીક્ષાની પારદર્શિતા સામે સવાલો મંડરાતા અસમંજસ માહોલ**


ગાંધીનગર, તા.૧૩

ગુજરાત સરકારના વિવિધ વિભાગમાં નોકરી મેળવવા માટે પરીક્ષાની તૈયારી અર્થે શહેરમાં ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી વિદ્યાર્થીઓ આવી રહ્યા છે. યુવક-યુવતીઓમાં સરકારી નોકરી મેળવવાનો ક્રેઝ જણાઈ રહ્યો છે. ઘરથી દૂર રહી શહેરમાં આવી વર્ગોમાં જોડાઈ તોતિંગ ખર્ચ કરાય છે. વર્ગો દ્વારા લેવાતી ફી ઉપરાંત રહેવા અને જમવાનો પણ ખર્ચ વધુ થઈ જાય છે. ત્યારે પરીક્ષા પધ્ધતિ અને તેની પારદર્શકતા સામે પણ અનેક પ્રશ્નો મંડાયા છે. આ સ્થિતિના લીધે બેરોજગાર યુવાનોનું મોરલ ડાઉન થતું જણાય છે. વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ પહેલા કરતા હાલની પરીક્ષા પધ્ધતિમાં પણ સુધારો આવી ગયો છે. આ ઉપરાંત વિવિધ સમાજ દ્વારા ચલાવાતા વર્ગોને લીધે પ્રાઈવેટ વર્ગોમાં ઘટાડો થતો જાય છે. વિવિધ સમાજ દ્વારા ચલાવાતા વર્ગો દ્વારા વિદ્યાર્થીઓને ઘણા ખરા અંશે મદદ કરવામાં આવે છે. નજીવી ફી સાથે જો ૯૦ ટકા હાજરી હોય તો વિદ્યાર્થીઓને ફી પરત કરી દેવાય છે સાથે સાથે વિદ્યાર્થીઓને મટિરીયલ્સ પણ ફ્રી અપાય છે. વર્ગમાં સમાજના જ અગાઉ પાસ થયેલા યુવક-યુવતીઓ દ્વારા માર્ગદર્શન અપાય છે. આ બધી જ સુવિધાઓ સરળતાથી મળતા વિદ્યાર્થીઓને પ્રાઈવેટ વર્ગો કરતા સમાજ દ્વારા ચલાવાતા વર્ગો ઉપર વધુ વિશ્વાસ બેસે છે.

અમુક પરીક્ષાઓની તારીખ લંબાવાને લીધે ઘણા સમયથી તૈયારી કરતા વિદ્યાર્થીઓને હવે આગળ તૈયારી કરવામાં રસ રહ્યો નથી. અમુક વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ તેઓ પાસે એક દિવસ પુરું જમવાના અમુકવાર પૈસા નથી હોતા તેઓ ચા બિસ્કીટ ખાઈને મહેનત કરીને આગળ આવવા પ્રયત્ન કરે છે પરંતુ પરીક્ષાની તારીખ આગળ જવાને લીધે તેઓ પોતાના ધ્યેયથી દૂર થતાં હોય તેવું અનુભવે છે અને ખર્ચા પોસાતા ન હોવાથી તેઓ ઘરે પાછા જતાં રહે છે.

ગાંધીનગરમાં ચાલતા લગભગ ૧૦ થી ૨૦ ટકા કલાસીસ આ કારણોસર બંધ થઈ રહ્યા છે. તેઓને જગ્યાના ભાડા અને વિવિધ ફેકલ્ટી દ્વારા લેવાતો ખર્ચ પોસાતો નથી કારણ કે તેમને વિદ્યાર્થીઓની સંખ્યા જ મળતી નથી.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




બેટા, જો હું હવામાન વર્તારો જોઈ લઉ, અને કાલે પવન આવવાનો હોય તો જ... પતંગ લેવા પૈસા આપીશ.

# અમિયાપુર બસ સ્ટેન્ડ પાસે વધુ એક હિટ એન્ડ રન

**તપોવન સર્કલ તરફથી સડસડાટ આવતી લાલ કલરની કારે રસ્તો ઓળંગતી મહિલાને અડફેટે લઈ મોતને ઘાટ ઉતારી : અકસ્માત બાદ કાર સાથે આરોપી ચાલક રફુચક્કર : કારચાલકને પકડવા સ્થાનિકોએ રિક્ષામાં તેનો પીછો કર્યો પણ હાથ ના લાગ્યો**

ગાંધીનગર, તા.૧૩

અડાલજ નજીક આવેલા અમિયાપુર બસ સ્ટેન્ડ પાસે વધુ એક હિટ એન્ડ રનની ઘટના બનવા પામી છે. ગઈકાલે સાંજે તપોવન સર્કલ તરફથી સડસડાટ આવી રહેલી એક લાલ કલરની કારે અમિયાપુર બસ સ્ટેન્ડ સામેનો રોડ ક્રોસ કરી રહેલી એક મહિલાને અડફેટે લઈ લેતા મહિલાનું સ્થળ પર જ કમકમાટીભર્યું મૃત્યુ નીપજયું હતું. આ અકસ્માત કરનાર કાર ચાલક કાર સાથે પળવારમાં જ રફ્ફુચક્કર થઈ ગયો હતો. ભાગી રહેલા કારચાલકને પકડવા માટે સ્થાનિકોએ તેનો પીછો પણ કર્યો પરંતુ તે હાથ લાગ્યો ન હતો. આ મામલે અડાલજ પોલીસે કાર ચાલક સામે ગુનો દાખલ કરીને તેને શોધી કાઢવા માટે તજવીજ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ અડાલજ પાસે આવેલા અમીયાપુર ગામમાં રહેતા રમેશભાઈ ઠાકોરના માતા લક્ષ્મીબેન કાંતિજી ઠાકોર ગઈકાલે સાંજે અમિયાપુર બસ સ્ટેન્ડથી ગામ તરફ આવતા માટે રસ્તો ઓળંગી રહ્યા હતા. તે દરમિયાન તપોવન સર્કલ તરફથી બેફામ ગતિએ આવી રહેલી લાલ રંગની અજાણી કારના ચાલો કે લક્ષ્મીબેનને જબરદસ્ત ટક્કર મારી હતી. કારની ટક્કરથી લક્ષ્મીબેન ફંગોળાઈને રસ્તા વચ્ચે પટકાયા હતા અને ગંભીર ઈજાઓ થતાં સ્થળ પર જ તેમનું કમકમાટીભર્યું મૃત્યુ નીપજયું હતું. આ અકસ્માત સર્જીને આરોપી કારચાલક કાર સાથે ભાગ્યો હતો. આરોપી કારચાલકને પકડવા માટે સ્થાનિકોએ રીક્ષામાં તેની કારનો પીછો કર્યો હતો પરંતુ આરોપી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. આ ઘટના અંગે અડાલજ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી મૃતક લક્ષ્મીબેનના દિકરા મહેશભાઈની ફરિયાદને આધારે અજાણ્યા કાર ચાલક સામે ગુનો દાખલ કર્યો છે. સર્કલો પર લાગેલા સીસીટીવી કેમેરાની ચકાસણી કરીને આરોપી સુધી પહોંચવા પોલીસે કવાયત શરૂ કરી છે.



ગાંધીનગર શહેર કોંગ્રેસના આગેવાનો તથા કોર્પોરેટર્સ અને હોદેદારો દ્વારા શ્રમજીવી તથા ગરીબ બાળકોને મહાનગર પાલિકાના વિવિધ વિસ્તારોમાં જઈને ઉતરાયણ નિમિતે પતંગોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જયારે બાળકોને પતંગ મળતા તેમના ઉત્સાહમાં અનેરો આનંદ જોવા મળતો હતો.

# ગુજરાત બ્રહ્મસમાજ યુવાપાંખના સંગઠન મંત્રી તરીકે દિવ્ય ત્રિવેદીની વરણી



શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા) યુવા પાંખના ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી તરીકે તા.૨૧-૧૨-૧૮ થી બે વર્ષ માટે નિમણુંક કરવામાં આવી છે. શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા)ના સંગઠનને વધુ મજબુત કરી સાથે સાથે સમાજના વિકાસ કાર્યોને વેગવંતુ બનાવશો અને સમાજની વફાદારી પૂર્વક સેવા કરશો. ગુજરાત સમસ્ત બ્રહ્મસમાજ આપને યુવા સંગઠનમંત્રી તરીકે નિમણુંક આપતા હર્ષ અને આનંદની લાગણી અનુભવીએ છીએ તેમ સમસ્ત બ્રહ્મસમાજ ગુજરાતના પ્રમુખ દેવાંગભાઈ પંડયાએ જણાવ્યું છે.



ઉત્તરાયણ પર્વમાં દાન-પૂણ્યનું વિશેષ મહત્વ હોય છે ત્યારે નગરની મહિલાો ગાયને લીલોચારો તેમજ શ્વાસનને લાડુ ખવડાવતા હોય છે. આજે સેક્ટર-૩૦ સર્વોદયનગરની બહેનોએ શ્વાનને ખવડાવવા માટે ૧૦૦ કિલો લાડુ તૈયાર કરી પૂણ્યનું ભાથું બાંધ્યું હતું.

# ચોરીના છ બાઈક સાથે સિવિલ હોસ્પિટલમાંથી બાઈક ચોર ઝડપાયો

**ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સક્રિય થયેલા બાઈક ચોરોએ પોલીસને નાકે દમ લાવી દીધો હતો : પકડાયેલા બાઇક ચોર પાસેથી ૬ બાઈક રિકવર**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પાર્કિંગને ટાર્ગેટ કરીને પાર્કિંગમાંથી વાહનોની ઉઠાંતરી કરતી ગેંગ ઘણા સમયથી સક્રિય હતી જેણે પોલીસને નાકે દમ લાવી દીધો હતો. સિવિલ હોસ્પિટલ સંકુલમાંથી કેટલાય બાઈક અને એકટીવાની ચોરી થવા પામી છે. આ ચોરીઓ અટકવાનું નામ જ લેતી ન હતી. જેને પગલે ગાંધીનગર પોલીસે સિવિલ હોસ્પિટલ સંકુલમાં આ ગેંગને પકડવા ખાસ વોચ ગોઠવી હતી. દરમિયાન ગઈકાલે આ ગેંગનો સાગરીત પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. ગાંધીનગર સિવિલ સંકુલ ઉપરાંત અમદાવાદ અને સાબરકાંઠા



વિસ્તારમાંથી પણ બાઈક ચોરી કરતી ગેંગના સાગરીતને ચોરીના છ બાઈક સાથે સે-૭ પોલીસે પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના સેકટર-૭ પોલીસ મથકના પીઆઈ સૂચનાથી તેમની ટીમ વાહન ચોરોને પકડવા સક્રિય થઈ છે ત્યારે ગઈકાલે આ ટીમ બાતમીના આધારે સિવિલ હોસ્પિટલ ખાતે છૂટાછવાયા વોચ પર ગોઠવાઈ ગયા હતા. દરમિયાન પ્રાંતિજ વિસ્તારમાં ધડકણ ખાતે મકાન ભાડે રાખીને રહેતો શરદ ઉર્ફે ખલો કાંતિ પટેલ ચોરીના બાઈક સાથે સિવિલ હોસ્પિટલ માંથી પકડાઈ ગયો હતો. તેની પાસેથી મળી આવેલું બાઈક હીરો સ્પ્લેન્ડર પ્રો પ્રાંતિજ ચાર રસ્તા ખાતેથી ચોરી કર્યો હોવાની વિગતો બહાર આવી છે. તેની સઘન પૂછપરછ કરતા જાણવા મળ્યું છે કે આ શખ્સે તેના સાગરીતો સાથે મળીને સિવિલ હોસ્પિટલ સંકુલમાં થી ત્રણ બાઈક તથા પ્રાંતિજમાંથી એક બાઈક અને કૃષ્ણગઢ ડેપો અમદાવાદ ખાતેથી એક બાઈક મળીને કુલ છ બાઈક ચોરી કર્યા હતા. પોલીસે તેની પાસેથી ચોરી કરેલા છ બાઈક રિકવર કરી ૯૫ હજારનો મુદ્દામાલ જપ્ત કરી વધુ પુછપરછ શરૂ કરી છે.

# વાયબ્રન્ટ અને પ્રજાસત્તાક દિન પછી સરકાર ચૂંટણી મોડમાં; વહીવટી તંત્રમાં ફેરફારો કરશે

## આવ ભાઇ હરખા આપણે બેઉ સરખાં - ભાજપ અને કોંગ્રેસમાં ટિકીટ કાપ સરખો

ગુજરાતમાં ગ્લોબલ વાયબ્રન્ટ સમિટ અને ૨૬મી જાન્યુઆરીના પ્રજાસત્તાક દિન પછી રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી વહીવટી તંત્રમાં ધરખમ ફેરફાર કરી રહ્યાં છે. બે તબક્કે થનારા આ બદલાવમાં પહેલાં જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ જેવાં કે જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી તેમજ જિલ્લા પોલીસ વડાની બદલીઓ કરી શકે છે, જ્યારે બીજા તબક્કામાં સરકારા વિભાગો તેમમ જાહેર સાહસોમાં પણ મોટાપાયે ફેરફારો થવાની સંભાવના છે. મુખ્ય વિભાગો જેવાં કે મહેસૂલ, શહેરી વિકાસ, આરોગ્ય, શિક્ષણ, ગૃહ, કૃષિ, ઉદ્યોગ, શ્રમ, ઉર્જા અને પંચાયત જેવા વિભાગોમાં અધિકારીઓની બદલી થશે. સૂત્ર કહે છે કે જિલ્લાઓમાં ૮૫થી વધુ અને વિભાગો તેમજ જાહેર સાહસોમાં ૪૫ જેટલા અધિકારીઓની બદલીની સંભાવના છે. લોકભાની ચૂંટણીને ધ્યાને લઇ સરકારે તાજેતરમાં બઢતીની પ્રક્રિયા પૂરી કરી છે હવે બદલીની પ્રક્રિયા પણ પૂરી કરશે.

### સરકારમાંથી દિલ્હી સ્થિત ૨૦ IAS ઓફિસરો પૈકી કેટલાક પાછા પણ આવી શકે છે

ખાસ કરીને જે ઓફિસરને એક જ જગ્યાએ ત્રણ કે તેથી વધુ વર્ષ થયાં હશે તે ફરજીયાત બદલાશે. એ ઉપરાંત વિભાગોમાં જેમની પાસે વધારાના હવાલા છે તે પણ નિયુક્તિથી પાછા લઈ લેવામાં આવશે.

**દિલ્હી દરબારના રત્નો પાછા આવી શકે છે...**

ગુજરાતના ૨૦ જેટલા ઓફિસરો ડેપ્યુટેશન પર દિલ્હી અથવા ગુજરાત બહાર છે તેમાં અનિલ મુકીમ ઓગષ્ટ ૨૦૨૦માં નિવૃત્ત થાય છે. અતનુ ચક્રવર્તી પણ એપ્રિલ ૨૦૨૦માં નિવૃત્ત થાય છે. ગિરીશચંન્દ્ર મુર્મુ નવેમ્બર ૨૦૧૯માં, ગુરૂપ્રસાદ મોહપાત્રા એપ્રિલ ૨૦૨૨માં, રાજકુમાર જાન્યુઆરી ૨૦૨૫માં, આર.પી.ગુપ્તા ડિસેમ્બર ૨૦૨૧માં, એલ. ચુંઆંગો માર્ચ ૨૦૨૨માં, એસ.અપર્ણા ઓક્ટોબર ૨૦૨૩માં, બી.બી. સ્વૈન સપ્ટેમ્બર ૨૦૨૩માં, એ.કે.શર્મા જુલાઈ ૨૦૨૨માં, અનિતા કરવલ નવેમ્બર ૨૦૨૨માં, કે.શ્રીનિવાસ જુલાઈ ૨૦૨૭માં, વી. થીરૂપુગ્ગાઝ ઓગષ્ટ ૨૦૨૧માં અને રાજીવ ટોપનો મે ૨૦૩૪માં વય નિવૃત્ત થાય છે.

ગુજરાતના બીજા ઓફિસરો કે જેઓ ડેપ્યુટેશન પર ગુજરાત બહાર છે તેમાં આરતી કનવર. ડો. રાજેન્દ્ર કુમાર, ડો. રણજીત કુમાર સિંઘ, સંજય ભાવસાર અને હાર્દિક શાહ પાસે હજી નોકરીમાં ઘણો સમય છે. લોકસભાની ચૂંટણી પછી જો નરેન્દ્ર મોદી ફરીથી પ્રાઈમ મિનિસ્ટર બનશે તો ગુજરાતના આ ૨૦ કાબેલ ઓફિસરો જ્યાં છે ત્યાં જ રહેશે અન્યથા તેમને ગુજરાત પરત આવવું પડશે.

**ભાજપના વર્તમાન ૧૦ સાંસદોને રિપીટ કરાશે...**

લોકસભાની ચૂંટણીમાં ભાજપમાંથી વિજેતા થયેલા ઉમેદવારોમાં માત્ર ૧૦ સંસદ સભ્યો સલામત છે. (૧) કોણ રિપીટ થશે-- અમદાવાદ ઈસ્ટના પરેશ રાવલ, ભરૂચના મનસુખ વસાવા, દાહોદના જસવંત ભાભોર, જામનગરના પુનમ માડમ, ખેડાના દેવુસિંહ ચૌહાણ, નવસારીના સી.આર.પાટીલ, રાજકોટના મોહન કુંડારિયા, વલસાડના કે.સી.પટેલ અને બારડોલીના પ્રભુ વસાવાને પાર્ટી ફરીથી ટીકીટ આપી શકે છે. (૨) કોનું પત્તુ કપાશે-- અમદાવાદ વેસ્ટના ડો. કિરીટ સોલંકી, અમરેલીના નારણ કાછડિયા, આણંદના દિલીપ પટેલ, બારડોલીના પ્રભુ વસાવા, બનાસકાંઠાના હરિભાઈ ચૌધરી, ભાવનગરના ભારતીબેન શિયાલ, છોટાઉદેપુરના રામસિંહ રાઠવા, ગાંધીનગરના લાલકૃષ્ણ અડવાણી, જૂનાગઢના રાજેશ ચુડાસમા, કચ્છના વિનોદ ચાવડા, મહેસાણાના જયશ્રીબેન પટેલ, પંચમહાલના પ્રભાતસિંહ ચૌહાણ, પાટણના લીલાધર વાઘેલા, પોરબંદરના વિઠ્ઠલ રાદડિયા, સુરતના દર્શના જરદોષ, સુરેન્દ્રનગરના દેવજી ફતેપરા અને વડોદરાના રંજનબહેન ભટ્ટને પાર્ટી ફરીથી ટીકીટ આપતાં વિચાર કરી શકે છે. આ બેઠક પરથી ૨૦૧૪માં નરેન્દ્ર મોદી ચૂંટાઈ આવ્યા હતા, તેમણે રાજીનામું આપી દેતાં વડોદરાની બેઠક પરથી રંજનબહેન ચૂંટાયા હતા.

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

**કોંગ્રેસ ચૂંટણી હારેલા માત્ર ૧૦ ને ટીકીટ આપશે...**

કોંગ્રેસમાં ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી મોદી વેવમાં હારી ગયેલા પરંતુ મજબૂત કહી શકાય તેવા ૧૦ ઉમેદવારોને પાર્ટી રિપીટ કરી શકે છે. (૧) કોણ રિપીટ થશે-- અમરેલીના વિરજી ઠુમ્મર, આણંદના ભરત સોલંકી, બનાસકાંઠાના જોઈતાભાઈ પટેલ, બારડોલીના ડો. તુષાર ચૌધરી, છોટાઉદેપુરના નારણ રાઠવા, જામનગરના વિક્રમ માડમ, જૂનાગઢના પુંજાભાઈ વંશ, ખેડાના દિનશા પટેલ, સુરેન્દ્રનગરના સોમાભાઈ પટેલ અને વલસાડમાં કિસન પટેલને પાર્ટી ફરીથી ટીકીટ આપી શકે છે. જ્યારે (૨) કોનું પત્તુ કપાશે-- અમદાવાદ ઈસ્ટના હિંમતસિંહ પટેલ, અમદાવાદ વેસ્ટના ઈશ્વરભાઈ મકવાણા, ભરૂચના જયેશ પટેલ, ભાવનગરના પ્રવિણ રાઠોડ, દાહોદના પ્રભા તાવિયાડ, ગાંધીનગરના કિરીટ પટેલ, કચ્છના દિનેશ પટેલ, મહેસાણાના જીવાભાઈ પટેલ (કોંગ્રેસમાં નથી), નવસારીના મકસુદ મિરઝા, પોરબંદરના રામસિંહ પરમાર, પાટણના ભાવસિંહ રાઠોડ, રાજકોટના કુંવરજી બાવળિયા (કોંગ્રેસમાં નથી), સાબરકાંઠાના શંકરસિંહ વાઘેલા (કોંગ્રેસ છોડી ચૂક્યાં છે), સુરતના નૈષધ દેસાઈ, વડોદરામાં મધુસુદન મિસ્ત્રી (રાજ્યસભામાં છે) ને રિપીટ કરવામાં આવશે નહીં. કોંગ્રેસે ૨૦૧૪માં પોરબંદરની બેઠકો એનસીપીના કાંધલ જાડેજાને આપી હતી પરંતુ આ વખતે પોરબંદરની બેઠક કોંગ્રેસ તેના માટે અનામત રાખી શકે છે.

**ઇન્કમટેક્સની આવકમર્યાદા કોણ વધારશે...**

સવર્ણો માટે આઠ લાખની આવક મર્યાદાને ધ્યાને રાખીને કેન્દ્રની મોદી સરકારે ૧૦ ટકા અનામત આપી છે ત્યારે સૌશ્યલ મિડીયામાં એવો મેસેજ વાયરલ થયો હતો કે ×જો કેન્દ્ર સરકાર વાર્ષિક આઠ લાખની આવક મેળવતા પરિવારને આર્થિક રીતે પછાત માની અનામતનો લાભ આપવા માગતી હોય તો સરકારે ઈન્કમટેક્સમાં મુક્તિની લિમીટ પણ અઢી લાખથી વધારીને આઠ લાખ કરી દેવી જોઈએ.×-- દલીલ કર્તાઓની વાત પણ સાચી છે. જો સરકાર આઠ લાખની આવકને આર્થિક પછાતની ઉપમા આપી શકતી હોય તો પછી અઢી લાખ કરતાં વધુની આવક ધરાવતી વ્યક્તિને ઈન્કમટેક્સ કેમ ભરાવી રહી છે તે એક મોટો સવાલ છે. આમ પણ સરકારને જીએસટીની આવકમાં વધારો થયો હોવાથી ઈન્કમટેક્સની મર્યાદા આઠ લાખ કરી દેવી જોઈએ કે જેથી મધ્યમવર્ગના પરિવારોને રાહત મળી શકે. ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી આવે છે ત્યારે ભાજપ નહીં તો કોંગ્રેસે પણ આવો વાયદો કરવો જોઈએ, કે જેથી તેમના મતદાનની ટકાવારીમાં વધારો થઈ શકે.

**ગાંધીનગરની બેઠક પહેલાં SC અનામત હતી...**

ગાંધીનગરની લોકસભાની બેઠકો પહેલાં અનામત હતી તે ઘણાં ઓછાને ખ્યાલ હશે. આ બેઠકની પહેલી ચૂંટણી ૧૯૬૭માં થઈ હતી. તે સમયે શિડ્યુઅલ કાસ્ટ માટે આ બેઠક અનામત હતી. કોંગ્રેસના એસ.એમ. સોલંકી આ બેઠક પરથી ચૂંટણી જીત્યા હતા. ૧૯૭૧માં આ બેઠક કોંગ્રેસે ગુમાવી દીધી હતી. એનસીઓના નરસિંહ મકવાણા વિજયી બન્યા હતા. આ બે વર્ષ પછી ગાંધીનગરની બેઠક જનરલમાં ફેરવાઈ હતી જેમાં ૧૯૭૭ની ચૂંટણીમાં ગાંધીનગરની બેઠક પરથી

### ગાંધીનગર લોકસભા બેઠકનો રસપ્રદ ઇતિહાસ-- 'શંકર' એ 'કૃષ્ણ'ને ગિફ્ટ આપી

કોંગ્રેસના પુરૂષોત્તમ ગણેશ માવલંકર વિજયી બન્યા હતા. ગાંધીનગરની બેઠક પર કુલ ૧૪ ચૂંટણી લડાયેલી છે પરંતુ છેલ્લી ૯ ચૂંટણીથી ભાજપના ઉમેદવાર વિજેતા બની રહ્યાં છે. કોંગ્રેસના છેલ્લા ઉમેદવાર જી.આઈ. પટેલ ૧૯૮૪માં વિજેતા થયા હતા. ૧૯૮૯માં યોજાયેલી ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર શંકરસિંહ વાઘેલા ગાંધીનગરથી ચૂંટણી જીત્યા હતા. આ બેઠક તેમણે ભાજપના રાષ્ટ્રીય નેતા લાલકૃષ્ણ અડવાણી માટે ખાલી કરી આપી હતી. ૧૯૯૧માં આ બેઠક પરથી લાલકૃષ્ણ અડવાણી, ૧૯૯૬ના બાય ઈલેક્શનમાં વિજય પટેલ પછી અટલ બિહારી વાજપેયી ચૂંટણી જીત્યા હતા. વિજય પટેલે બાય ઈલેક્શનમાં ફિલ્મસ્ટાર કોંગ્રેસના ઉમેદવાર રાજેશ ખન્નાને ગાંધીનગરની બેઠક પરથી હરાવ્યા હતા. આ બેઠક ૧૯૮૯થી ભાજપનો ગઢ રહી છે. ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી ૧૯૯૧ પછી ૧૯૯૮, ૧૯૯૯, ૨૦૦૪, ૨૦૦૯ અને ૨૦૧૪થી સતત વિજયી થતાં આવે છે.